Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# પરમ પૂજ્ય ગાંધીજીની દષ્ટિએ વર્તમાન પરિસ્થિતિમાં સફળતાની હરીફાઈ કેવી રીતે ?

શ્રી પટેલ પુરષોતમભાઈ .જે (સામાજિક કાર્યકર –કુદેડા ગામ) અને શ્રી જનકભાઈ વણકર
(મુ.વ્યાખ્યાતા)

ગાંધીજીએ સૌ પ્રથમ તો માનવશક્તિનો યંત્રો યોગ દ્વારા કુદરતી બક્ષિસોનો ઉપયોગ થાય અને ગાંધીનું રાજ્ય ઝડપી સુખી સંપન બની શકે. પણ આપણે જોઈએ છીએ તો કુદરત સર્જિત વૃક્ષોનું ઠેર ઠેર નિકંદન થવાથી વાતાવરણની સમતુલા જોખમાય છે. તો વળી માનવસર્જિત દુષણો નદી સાગર સરોવરને દૂષિત બનાવી રહ્યા છે. વરસાદની અનિયમિતતા અને અપ્રમાણતા પણ એને લીધે જ વધ-ઘટ જ થતી રહે છે.

પૂજ્ય બાપુની નજરે અત્યારે વર્તમાન સમયની પરિસ્થિતિ જોતા પ્રજામાં ભોગવૃત્તિ કરતા ત્યાગથી ઓછી થતી જાય છે. તો સાથે સાથે શ્રમ શક્તિ ઘટતા લોકો અનેક રોગોના ભોગ બનતા જાય છે. ક્યાં પહેલાનો ખોરાક અને ક્યાં આજના ફાસ્ટ ફૂડ? દૂધની નદીઓ વહેતી.. ઘેર ઘેર ચોખ્ખા ઘી-દૂધની રેલમછેલ હતી. તેમાં ઓટ આવી ગઈ છે. ગૃહિણીઓ ડેરી આવતા પોતાના બાળકોને મોઢે માકડી માંડવામાં આવી રહી છે .પ્રજા ને વધારે પૈસા પાછળ દોટ કેમ ? દરેકનું મન સંગ્રહ તરફ અને વધુ સુખ ઉપયોગ તરફ વધતું જાય છે. સંતોષરૂપી ધન ઓછું થતું જાય છે. આ માટે જરૂરી છે પરમ પૂજય ગાંધીબાપુના વિચારો આપણા બધા સમાજના આગેવાનો ,અમલદારો, મુખ્ય કાર્યકરો બધા પોતાના જીવનમાં સાદાઇ અને કરકસરનું તત્વ અપનાવીને પ્રજાને ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન આપી શકે તો સારું.

ગાંધી બાપુ એવું માનતા કે બંગલાઓ ,મોટર કાર, ફર્નિચર મોટાઇ દેખાડવાની રીતભાતો, હોટલોમાં થતી મિજબાનીઓ આ બધુ છોડી ને આપણે સૌ એ સાદાઇ અને કરકસરની ટેવ પાડવી જોઈએ.તો વળી સાથે સાથે આજે લાંચ-રુશવત અને કાળા બજારની બદીઓ ઠેર ઠેર જોવા મળે છે. તો આ બધી બદીઓ દૂર કરવા માટે રાજ્ય અને પ્રજાએ સહકાર સાધી દૂર કરવાનો નિર્ધાર કરવો જ ઘટે.

ગાંધી બાપુનું સ્વરાજ્ય મળે વર્ષોના વર્ષો વિતી ગયા છતાં વહીવટમાં અંગ્રેજી ભાષાનું ચલણ છે. એ ખોટી બાબત નથી પણ લોકોની ભાષામાં લોકોનો વહીવટ ન ચાલે ? લોકો સમજી શકે એવી ભાષામાં શિક્ષણ પણ આપવું જોઈએ .ગુજરાત રાજ્યનો તમામ વહીવટ ગુજરાતી ભાષામાં ચાલવો જોઈએ. શિક્ષણનું માધ્યમ પહેલેથી છેલ્લે સુધી ગુજરાતીમાં જ હોવું જોઈએ. જેને કારણે પ્રજાજનો ને વહીવટી બાબતમાં સહેજ પણ તકલીફ ન પડે આવું ગાંધી બાપુ માનતા હતા. અત્યારે વર્તમાન

પરિસ્થિતિમાં શિક્ષણનું સ્તર નીચે ઉતરતું જાય છે .તો આવા તુમારની ચુંગાલમાંથી પ્રજાને બચવાની યુક્તિઓ જો કાઢવામાં આવશે તો અને તો જ પ્રજાને રાહત અનુભવાશે. ઢગલાબંધ ફાઇલનો નિકાલ લાંબા સમય સુધી ન નીકળે,તેના માટે વજન મૂકવું પડે આ તો કેવો વહેવટ ? આવા કેસો માટે તો કલેક્ટર અને મામલતદાર બન્ને એ મળી અને સ્થળ ઉપર રૂબરૂ ફાઇલ જોઈ સમાધાન કારી વૃતિ રાખી સમજૂતી કરી ઝડપી ફાઈલ નિકાલ કરવા લાગે તો ઘણો સમયનો બગાડ અટકી જાય. રૂબરૂ પતી જતું હોય તો એવું કામ શા માટે ફાઇલોના તુમારોમાં જાય ? આનો ઉકેલ જો આવી રીતે સરળતાથી થાય તો પ્રજા રાહત અનુભવાશે. પહેલા રાજા મહારાજાઓની વાત યાદ કરવામાં આવે તો વિક્રમ રાજાની માફક ભલે રાજા વેષ પલટો કરી નગર ચર્ચા જોવા ન નીકળી શકે પણ કોઈ જાતના સંકેત આપે વિના જાહેરાત કર્યા વિના ઓચિંતા અધિકારીઓએ કે કર્મચારીઓ કચરીઓમાં જઈ રૂબરૂ જાત તપાસ કરે તો કર્મચારી ગણમાં પણ સજાકતા આવી જાય.અને પોતાના કામ પ્રત્યે સજાગતા દર્શાવે અને પ્રજાને ઓફીસના ધક્કાથી બચી શકાય. ગાંધી બાપુ એવું માનતા કે જો ગામડામાં બેકારીનો આંક નીચો લાવવો હોય તો ગામમાં જ નાના-મોટા ગૃહ ઉદ્યોગોને પ્રાધાન્ય આપી સ્વરોજગારી નજીકમાં જ મળી રહે એવી વ્યવસ્થા માટે સ્થાનિક તકો ઉભી કરવામાં આવે એ ઇચ્છનીય છે.

પૂજ્ય બાપુ એવું માનતા કે નોકરી અને શિક્ષણની ડીગ્રી વચ્ચેનો સંબંધ છૂટો કરી દેવામાં આવે તો અને તો જ લોકો સાચું શિક્ષણ મેળવી શકશે એટ્લે એવું રાખવું જોઈએ કે જેને જે ધંધામાં જવું હોય તે અંગે પ્રવેશ પરીક્ષા લઈ ઉમેદવારને દાખલ કરવાની પ્રથા અપનાવવામાં આવે તો શિક્ષણમાં જે ગંદકી પેસે છે તેમાંથી બચી જવાય.

આ માટે જરૂરી છે તમામ રાજકીય અને વિરોધપક્ષોએ હળીમળી સર્વ હિતાર્થે પ્રજાહિતને ધ્યાનમાં રાખી તંત્રએ રાષ્ટ્ર હિતમાં કામ થાય એવું થાય તે યોગ્ય છે. તેથી ગામની અને રાષ્ટ્રની પણ બેહાલી ન થાય છે. બધા પક્ષે ચૂંટણી દરમિયાન પક્ષનું ઝેર ફેલાતું અટકાવે એવી નીતિ અપનાવી જોઈએ. આ લોકશાહીની સાચી ચાવી છે. લોક કેળવણી વહીવટ ચલાવવામાં રાજ્ય કર્તાઓએ દંડશક્તિનું ઓછામાં ઓછું આશરો લેવો પડે અને ગોળીબાર જેવા કઠોર પગલા ન લેવા પડે એવું વિચારો.

આજ કાલ વારસદારોએ પોતાના જીવનમાં જ સંસ્કારો સિંચવા જોઈએ. એમાં પણ પાછા પડ્યા છે. પગારદારો એ કેવળ પૈસા અને પગાર એકાઉન્ટમાં પડે છે એનાથી દૂર રહેવું જોઈએ. શિક્ષકો વિચારવું જોઈએ કે સમાજે એમના હાથમાં જે બાળકો રૂપી અમોલી મૂડી મૂકવામાં આવી છે તેને જવાબદારી સમજી કેવળ વેતનના લાભો મળે છે તે જરૂરી નથી .જવાબદારી અંગે પણ સજાક બનવું જોઇએ. સાથે સાથે ગાંધી બાપુના જે વિચારો હતા અસ્પૃશ્યતા નિવારણ દૂર કરી સમાજ ઉપયોગી કામોને પ્રતિષ્ઠા અપાવવી જોઇએ.આવો જ સવાલ દારૂબંધીનો છે

બાપનો કૂવો ડૂબી મરવા માટે નથી. દારૂ ગાળવાનો ધંધો, વ્યસનની ચીજો ઉત્પાદન બંધ કરી દેવું જોઈએ. ભલે પોતે બેકાર થાય પણ લોકોના કલ્યાણ માટે આ પુણ્યનું કામ છે. લોક સ્વદેશી ચીજો વાપરે અને આગ્રહ રાખે. ગામનો મોચી ચપ્પલ કે બુટ બનાવે તેનાથી  ચલાવો, બાટા બુટનો આગ્રહ ન હોવો જોઈએ. દરજીના સિવેલા કપડાને બદલે તૈયાર પોશાક ન અપેક્ષા ન રાખો. ઘરના માટલાને બદલે ફ્રીજ, ઘરનો નાસ્તો ન ગમે એના બદલે ફાસ્ટ ફૂડ અને જંકફૂડની દુકાનો ઉભરાવી ન જોઈએ. મફતલાલની મિલનું કાપડ ન ગમે ન મદ્રાસ મિલનું કાપડ ગમે .એમાં ગર્વ લેવા જેવો  નથી માટે  આવો આગ્રહ બિલકુલ ન રાખો. સરકાર પર આ બધું આધાર ન રાખતા પ્રજાએ પોતે ગ્રામશક્તિ એકઠી કરીને ખોરાક, પોશાક, રક્ષણ કેળવણી આરોગ્ય, આસપાસના ઝઘડા મિટાઓ એને સ્વાવલંબી બનો. આપના સ્વાર્થ માટે ન વિચારો બીજાનું સારું કરવાની ભાવના રાખો આપનું ઈશ્વર સારું જ કરશે . અહીં ચાલો  આપણે બધા હિન્દુ મુસલમાન એક જ નાવમાં  બેઠા છીએ એ કદી ન ભૂલો . દરેક કોમ , પીડિત ,શોષિત અને આદિવાસીઓના ઉત્કર્ષ માટે પણ વિચારો...